જિલ્લાની આરોગ્ય કટોકટી તરફ ગતિ : નવા ૨૯૦ કેસ

જિલ્લામાં છેલ્લા 3 દિવસથી રોજ ૧૦૦ થી વધુ મહિલા સંક્રમિત થઈ રહી છે : આજે માણસામાં પાંચ માસની બાળકી સંક્રમિત થઈ : ગાંધીનગરમાં ૫૦ કેસ, દહેગામમાં ૧૬ કેસ, કલોલમાં ૩૪ કેસ, માણસામાં ૨૮ કેસ નોંધાયા : શહેરમાં સે. 3 માં ૧૧, સે. ૨૨ માં ૯, સે. ૨૩ માં ૮ કેસ, સે. ૨૮ માં ૭ કેસ, સે. ૨૧, ૨૫, ૨૯ અને ૨ માં ૬-૬ કેસ, સે. ૧૩, ૫, ૭ માં ૫-૫ કેસ, સે. ૨૭, જીઈબીમાં ૪-૪ કેસ, સે. ૧૬, ૨૩ અને ૧૪ માં 3-3 કેસ, સરગાસણમાં ૧૬ કેસ, વાવોલમાં ૧૨, કુડાસણમાં ૧૦, પેથાપુરમાં ૫, રાંધેજામાં 3 કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત્ રહેવા પામતાં જિલ્લાભરમાં ભય અને ચિંતાનો માહોલ વ્યાપેલો છે. જિલ્લામાં વધતા જતા કેસોને પગલે તંત્ર અને દર્દીઓ લાચારી અનુભવી રહ્યા છે અને બેડ, ઓક્સિજન તેમજ દવા (સારવાર) માટે પ્રાર્થના કરી રહ્યા છે.

જિલ્લામાં આજે પણ ૨૯૦ નવા કેસ નોંધાયા છે. શહેરમાં ૧૬૨ તો ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૮ નવા કેસ નોંધાયા છે. હોસ્પિટલો સંપૂર્ણ ભરાઈ જવા પામી છે. ગઈકાલે રાત્રે ગાંધીનગર સિવિલમાં ૧૦૦ થી વધુ એમ્બ્યુલન્સોમાં દર્દીઓ દાખલ થવા માટે લાઈનમાં હતા. જો કે સિવિલ હોસ્પિટલ પણ સંપૂર્ણ ભરાઈ જવા પામી છે. સિવિલમાં દર્દીઓના સ્વજનો અને તંત્ર વચ્ચે વારંવાર વાક્‌યુદ્ધો સાંભળવા મળી રહ્યા છે.

જિલ્લામાં કોરોનાનો કહેર રોકેટ ગતિએ વધી રહ્યો છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી પણ મોટી સંખ્યામાં કેસો મળી રહ્યા છે. હવે તો બેડ મેનેજમેન્ટ દર્દીઓ માટે કેવી રીતે કરવુ તે તંત્રની સમસ્યા બની જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં સંક્રમણનો દર ૬ ટકાએ પહોંચ્યો છે. યુવાઓ, મહિલાઓ અને મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી રહી છે. જિલ્લાનું અર્થતંત્ર પણ તુટુ તુટુ થઈ રહ્યુ છે બીજી તરફ જિલ્લો મેડીકલ કટોકટીની દિશા તરફ આગળ વધી રહ્યો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૬ કેસ, ગાંધીનગરમાં ૫૦ કેસ, કલોલમાં ૩૪ કેસ, માણસામાં ૨૮ કેસનો સમાવેશ થાય છે.

માણસા તાલુકામાંથી આજે વધુ એક પાંચ માસની બાળકી સંક્રમિત થયેલી મળી આવી છે. નાના ભૂલકાંઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં પણ પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં તો આરોગ્ય સેવાઓ કથળી ચુકી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૪ મહિલા દર્દીઓ મળી છે. આ ઉપરાંત ૧૬ ખેડૂત, ૮ કર્મયોગી અને ૪ વિદ્યાર્થી તેમજ ખાનગી નોકરી કરતા લોકો સંક્રમિત થયા છે.

દહેગામમાં આજે ૧૬ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બનમાંથી પાંચ કેસ, કરોલીમાંથી ૨ કેસ, નાંદોલમાંથી ૩ કેસ ઉપરાંત બારડોલી કોઠી, મોટા જલુન્દ્રા, અંતોલી, બાબરા, નાના જલુન્દ્રા અને રખીયાલમાંથી કેસો મળી આવ્યા છે.

દહેગામમાં સર્વેલન્સ અને ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યુ છે.

ગાંધીનગર તાલુકો શરૂઆતથી જ કોરોનાના અજગરી ભરડામાં કણસતો રહ્યો છે. પાટનગરથી ૩૦ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલા તાલુકામાં આરોગ્ય સેવાઓ કથળી ચુકી છે અને મેડીકલ કટોકટી તરફ તાલુકો આગળ વધી રહ્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૫૦ કેસ નોંધાયા છે. જેમાં આદરજ મોટી ગામે ૬, સરઢવમાં ૬ કેસ, પુન્દ્રાસણ અને સાદરામાં ૪-૪ કેસ, ડભોડા, મોટા ચિલોડા તેમજ ઉવારસદ ગામેથી ૩-૩ કેસ તેમજ ટીંટોડા, ચંદ્રાલા, જેઠીપુરા, પ્રાંતિયા, અડાલજ, આલમપુર, તારાપુરમાંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત બદપુરા, જલુંદ, જામનગરપુરા, જાખોરા, છાલા, નવા પાલજ, દંતાલી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં પણ કોરોનાની બીજી લ્હેરનો કહેર જોવા મળી રહ્યો છે. છેલ્લા છોડા દિવસોથી તાલુકામાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે.

કલોલ તાલુકામાં આજે ૩૪ કેસ નોંધાયા છે. જેમાં ધારાસભ્યોના ગામ તરીકે જાણીતા પલીયડ ગામેથી પાંચ કેસ મળ્યા છે, આમજા ગામેથી ૬ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત બોરીસણા, જેઠલજ, ચાંદીસણા, ધમાસણા, સોજા ગામેથી ૨-૨ કેસ તેમજ પલસાણા, વડસર, કરોલી, પિયજ, રામનગર, શેરીસા, છત્રાલ, જામળા અને કલોલ અર્બનમાંથી બે કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં પણ કેસો જે રીતે મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ વધી જવા પામી છે.

માણસા અર્બનમાંથી આજે વધુ પાંચ માસની બાળકી સંક્રમિત થયેલી બહાર આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. માણસા તાલુકામાં આજે ૨૮ કેસ મળી આવ્યા છે. તંત્રએ સમગ્ર તાલુકામાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.

માણસા અર્બનમાંથી આજે ૮ કેસ, ઈટાદરામાંથી ૩ કેસ, પુંધરામાંથી ૩ કેસ, લોદરા અને ફતેપુરામાંથી ૨-૨ કેસ મળી આવ્યા હોવા ઉપરાંત બાપુપુરા, ગુલાબપુરા, આટા-આંબા, પાટલા, દેલવાડા, રિદ્રોલ, મકાખાડ, માણેકપુર, પ્રતાપનગર ગામેથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૭૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૭૦૭ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૪૪૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૪૪૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓના મોનીટરીંગને સઘન કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી પણ સઘન રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લામાં ૪૦૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. જિલ્લામાં વધતા જતા સંક્રમણની વિપરીત અસરો ચાલી રહેલા વેક્સીનેશનના કાર્યક્રમ પર પડવા લાગી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧,૭૩,૧૬૫ વ્યક્તીને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવી છે. જેમાં ૧,૪૩,૭૭૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાએ અજગરી ભરડો લીધો છે. શહેરમાં આજે વધુ ૧૬૨ દર્દીઓ નોંધાયા છે. શહેરના ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે ૮ વિદ્યાર્થી, એક ફાર્માસીસ્ટ, બે સ્ટાફ નર્સ, પોલીસ કર્મયોગીઓ, એક ડૉક્ટર, ૪ શિક્ષક સંક્રમિતોની યાદીમાં છે. શહેરમાં આજે ૬૨ મહિલા દર્દીઓ નોંધાઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સેક્ટરોમાં ૧૦૮ કેસ તો શહેરમાં નવા સમાવાયેલા ગામોમાં ૫૪ કેસો નોંધાયા છે.

શહેરમાં આજે સે. ૩ માં ૧૧ તો સે. ૨૨ માં ૯, સે. ૨૩ માં ૮, સે. ૨૮ માં ૭, સે. ૨૧, ૨૫, ૨૯ અને સે. ૨ માં ૬-૬ કેસ, સે. ૧૩, ૭, સે. ૪ માં ૫-૫ કેસ નોંધાયા છે. સે. ૨૭ અને જીઈબીમાં ૪-૪ કેસ, સે. ૧૬, ૨૪, ૧૪ માં ૩-૩ કેસ, સે. ૫, ૧૨, ૬, ૮, ૩-એ-ન્યુ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧૭, ૧૫, ધોળાકુવા, બોરીજ, સે. ૨૦, ૯ અને ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

નવા સમાવાયેલા ગામોમાં સરગાસણમાંથી ૧૬, વાવોલમાંથી ૧૨, કુડાસણમાંથી, પેથાપુરમાંથી ૫, રાંધેજામાંથી ૩, ખોરજ, કોલવડામાંથી ૨-૨ કેસ ઉપરાંત રાયસણ, રાંદેસણ, ઈન્ફોસીટી, પોર ગામેથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ સઘન કરવામાં આવ્યુ છે તેમજ શહેરમાં હાલ ૧૫ ધન્વંતરી રથો ભ્રમણ કરી રહ્યા છે. શહેરમાં દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૯૦૦ થી વધુ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ ૭૫૦ થી વધુ છે અને ૧૫ હજાર લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

૧લી મે થી શરૂ થતાં વેક્સિન અભિયાન માટે ૧.૫૦ કરોડ રસીકરણ ડોઝની વ્યવસ્થા કરાઈ

રાજ્ય સરકાર દ્વારા આ હેતુસર કોરોના વેક્સિન ડોઝ અન્વયે પૂનાની સિરમ ઇન્સ્ટિટ્યૂટ પાસેથી કોવિશિલ્ડ વેક્સિન ના ૧ કરોડ ડોઝ તેમજ હૈદરાબાદ ની ભારત બાયોટેક પાસેથી કોવેક્સિન રસી ના ૫૦ લાખ ડોઝ મેળવવા માટે ઓર્ડર આપી દેવામાં આવ્યો છે અને રસી મેળવવાનું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીએ કોર કમિટીની બેઠકમાં સ્પષ્ટ પણે જણાવ્યુકે પ્રધાન મંત્રીશ્રીના માર્ગદર્શન માં આગામી ૧ મે થી દેશભરમાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકો માટે કોરોના રસીકરણ શરુ થવાનું છે તેમાં ગુજરાત આ દોઢ કરોડ રસીકરણ ડોઝ દ્વારા પોતાનું યોગદાન આપવા પ્રતિબદ્ધ છે અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૬૦૦૦ જેટલા સરકારી અને ખાનગી રસીકરણ કેન્દ્રો મારફતે આરોગ્ય કર્મીઓ, ફ્રન્ટ લાઈન વર્કર્સ અને ૪૫ થી વધુની વયના નાગરિકોના રસીકરણ માં ગુજરાત અગ્રેસર છે અત્યાર સુધીમાં રાજ્યમાં રાજ્યમાં ૧ કરોડ ૧૩ લાખ જેટલા વેક્સિન ડોઝ આપવામાં આવ્યા છે મુખ્યમંત્રીશ્રી એ હવે રસીકરણ નું આ અભિયાન છેક જિલ્લા અને તાલુકા કક્ષા સુધી આયોજપૂર્વક વ્યાપક બનાવી રાજ્યમાં ૧૮ થી ૪૫ વર્ષની વયના પાત્રતા ધરાવતા દરેક વ્યક્તિ નું રસીકરણ થાય તે વ્યવસ્થાઓ ગોઠવવા કોર કમિટીની બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આવા ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકો એ રસીકરણ માટે ઓન લાઇન રજીસ્ટ્રેશન કોવિન પોર્ટલ પર તારીખ ૨૮ એપ્રિલ થી કરાવી શકશે.

શહેરમાં વધુ એક ઉમેદવાર કોરોના સામેનો જંગ હારી ગયા

વોર્ડ નં. ૯ ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર જયશ્રીબેન વાઘેલાનું કોરોનાથી અવસાન : ફોર્મ પાછુ ખેંચનાર આપના ઉમેદવાર કૂંપલ દવેના પતિ મયુર દવેનું પણ કોરોનાથી દુ:ખદ નિધન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં આજે આમ આદમી પાર્ટી પર ઝેરીલા કોરોનાનો કોપ ઉતર્યો હતો અને જેનો ભોગ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૯ માંથી ઉમેદવારી કરનાર મહિલા ઉમેદવાર જયશ્રીબેન વાઘેલા તથા અગાઉ ઉમેદવારી પાછી ખેંચનાર મહિલા કાર્યકર કૂંપલબેન દવેના પતિ મયુરભાઈ દવે બન્યાં છે. આ સાથે શહેરમાં કોરોનાને કારણે મનપાની ચૂંટણીના વધુ એક ઉમેદવારનું મૃત્યુ થવા પામ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થઈ ત્યારથી ચૂંટણી પર કોરોના સંક્રમણનું ગ્રહણ મંડરાયા કર્યુ છે અને શહેરમાં ભયજનક રીતે વધી ગયેલા કોરોના સંક્રમણને પગલે ચૂંટણીઓ મોકુફ રાખવાની નોબત આવી હતી. આમ છતાં કોરોનાએ આટલેથી નહી અટકતાં એક પછી એક ઉમેદવારોને પોતાના ભરડામાં કસવાનું સરૂ કરી દીધું હતુ જેમાં અસંખ્ય ઉમેદવારો કોરોના પોઝીટીવ થવા પામ્યાં છે. આ સ્થિતિમાં અગાઉ એક ઉમેદવારનું કોરોનાને કારણે મૃત્યુ થઈ ચુક્યું છે અને હવે વધુ એક ઉમેદવાર જેઓ વોર્ડ નં. ૯ માં આમ આદમી પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યાં હતા તે જયશ્રીબેન વાઘેલા કોરોના સામેનો જંગ હારી ગયાં છે. આ ઉપરાંત વોર્ડ નં. ૫ માં આમ આદમી પાર્ટીમાંથી જ ઉમેદવારી નોંધાવનાર અને પછી ફોર્મ પરત ખેંચનાર કૂંપલબેન દવેના પતિ મયુરભાઈ દવે પણ કોરોના સામેનો જંગ હારી ગયાં છે. આમ એક સાથે બે બે મૃત્યુએ આમ આદમી પાર્ટીમાં ઘેરા શોકની કાલિમા પ્રસરાવી દીધી છે.

૯૦૦ બેડની નવી હોસ્પિટલ ખૂલતાની સાથે જ બહાર મૃત્યુ

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતમાં એક્ટિવ કેસોની સંખ્યા એક લાખને પાર પહોંચી ગઈ છે. તો માત્ર અમદાવાદ શહેરમાં જ સૌથી વધુ કોરોનાના કેસ છે. આવામાં અમદાવાદની મોટાભાગની હોસ્પિટલો હાઉસફુલ છે. લોકોને કોરોનાના સમયમાં સારવાર મેળવામાં મુશ્કેલી થઈ રહી છે. હોસ્પિટલમાં બેડ મળી રહ્યાં નથી. બેડની આ કમીને દૂર કરવા માટે અમદાવાદમાં DRDO એ ૯૦૦ બેડની ધન્વન્તરી હોસ્પિટલ તયાર કરી છે. હવે આ હોસ્પિટલ દર્દીઓ માટે ખૂલી ગઈ છે. જોકે, ઢઈર્ઢ સંચાલિત ૯૦૦ બેડ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સના માધ્યમથી જ દર્દીઓને સારવાર માટે દાખલ કરાશે. જોકે, ધનવતરી હોસ્પિટલના ખૂલતાના પહેલા જ દિવસે એક દર્દીનું મોત નિપજયું છે. હોસ્પિટલના દરવાજાની બહાર સારવાર ન મળતા એક દર્દીએ જીવ ગુમાવ્યો છે.

ધન્વન્તરી હોસ્પિટલ ખૂલતાની સાથે જ ખાનગી વાહનમાં અનેક દર્દીઓ પોતાના સ્વજનોને લઈને આવી રહ્યાં છે. પરંતુ હોસ્પિટલમાં માત્ર એમ્બ્યુલન્સના માધ્યમથીજ દર્દીઓને જ એડમિટ કરવામાં આવી રહ્યાં છે. હજી આજે જ હોસ્પિટલ ખૂલી છે, ત્યારે ધન્વન્તરી હોસ્પિટલના દરવાજા બહાર જીવ ગુમાવાના વારો આવ્યો છે. દર્દીના પરિવારજનો અનેક હોસ્પિટલમાં ધક્કા ખાઈ અંતે અનેક આશા સાથે અહીં આવ્યા હતા. પરંતુ જીવતી માતાનો મૃતદેહ લઈ પરત ફરવાનો વારો આવ્યો હતો.

વિરમગામના દર્દીને દરવાજે જ અટકાવાયા આજે સવારથી જ ધન્વન્તરી હોસ્પિટલ બહાર લોકો ખાનગી એમ્બ્યુલન્સ લઈને દર્દી સાથે આવી રહ્યા છે, પરંતુ તેમને સારવાર નથી મળી રહી. વિરમગામથી પિતાને ખાનગી એમ્બ્યુલન્સમાં લઈ ધન્વન્તરી હોસ્પિટલ પહોંચ્યા હતા, પરંતુ તેમને દરવાજાની અંદર પ્રવેશ આપવા દેવામાં આવ્યો નહિ. તેમને જવાબ મળ્યો કે, ૧૦૮ કે ૧૦૪ના માધ્યમ થી આવશો તો જ પ્રવેશ આપવા દેવામાં આવશે. ખાનગી એમ્બ્યુલન્સમાં ઓક્સિજન પર પિતાને લઈ આવેલો પુત્ર આંખમાં આંસુ સાથે હાથ જોડી વિનંતી કરતા રહ્યા હતા કે, માત્ર સારવાર આપો અને તેનું કહેવું છે કે તેના પિતા ૩ દિવસથી ઓક્સિજન પર છે. હવે તો માત્ર ૩૦ મિનિટ ચાલે તેટલું ઓક્સિજન છે. અનેક હોસ્પિટલવાળા ના પાડી ચૂક્યા છે. ધનવતરી હોસ્પિટલ દર્દીઓ માટે શરૂ કરવામાં આવી છે. પરંતુ અહી માત્ર ૧૦૮ અને ૧૦૪ ની સેવાના માધ્યમથી દર્દીઓને લેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૬ જેટલી એમ્બ્યુલન્સથી દર્દીઓને ધન્વન્તરી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી રહ્યાં છે.

બોન્ડેડ તબીબોને હાજર થવા આદેશ

ગાંધીનગર તા ૨૫

ગુજરાતમાં કોવીડના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા સરકારી હોસ્પિટલોમાં બેડની સંખ્યામાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં વધારાના માનવબળની આવશ્યકતા ઉભી થઈ છે. આ બાબતને ધ્યાનમાં લઈ રાજ્યના આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરેએ રાજ્યની સરકારી મેડિકલ કોલેજોના અને જીએમઈઆરએસ મેડિકલ કોલેજના બોન્ડેડ ઉમેદવારોને ફરજિયાતપણે તાત્કાલિક હાજર થવાનો આદેશ કર્યો છે. આ આદેશ મુજબ રાજ્યની સરકારી મેડિકલ કોલેજોના ૫૧૩, રાજ્યની સરકારી મેડિકલ કોલેજોના ૧૩૬ તથા રાજ્યની જી.એ.મ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજના ૫૯૩ ઉમેદવારોને તબીબી અધિકારી વર્ગ -૨ તરીકે અપાયેલી નિમણૂંકના સંદર્ભે હાજર થવા માટેનો હુકમ કરવામાં આવ્યો છે.

શહેરમાં સ્વંયભુ લોકડાઉન સેકટરોમાં આખો દિવસ સન્નાટો જોવા મળ્યો

કાળમુખા કોરોનાના લીધે સેકટરવાસીઓમાં ફફડાટ : નાગરિકો ઘરની બહાર નિકળતા નથી : વેપારીઓ પણ દુકાન ખોલવાનુ ટાળી રહ્યા છે : શોપિંગ બજારમાં પણ ખાલીપો : સેકટરોની શેરીઓ અને કોમન પ્લોટમાં પણ સુનકાર : ગાંધીનગર લોકડાઉન મોડમાં

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં કાળમુખા કોરોનાના લીધે નાગરિકો ફફડાટમાં છે. કોરોનાના પ્રાણઘાતક સંક્રમણથી બચવા માટે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. એકબાજુ હોસ્પિટલમાં પુરતી જગ્યા અને ઓક્સિજનના અભાવે કોરોનાના દર્દીઓ જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે સરકારે લોકડાઉન જાહેર કર્યુ નથી તેવા કપરા સંજોગોમાં નાગરિકો હવે સ્વયંભુ લોકડાઉન પાળી રહ્યા છે. ગાંધીનગર પણ આજે લોકડાઉન મોડમાં જોવા મળ્યુ હતુ. શહેરના સેકટરોની શેરીઓ અને આંતરિક મુખ્યમાર્ગો સહીત શોપિંગ બજારમાં પણ સન્નાટો છવાયેલો રહ્યો હતો. કોરોનાથી બચવા માટે હવે વેપારીઓ પણ દુકાનો બંધ રાખે છે. નગરમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાયની મોટાભાગની દુકાનો બંધ જોવા મળી રહી છે. ગાંધીનગરમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસનો ગ્રાફ સતત ઉંચે આવી રહ્યો છે. બીજીતરફ મૃત્યુઆંક પણ વધતા નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો છે. શહેરીજનો કોરોનાથી બચવા માટે હવે ઘરની બહાર નિકળવાનુ સદંતર ટાળી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિ કરફયુ વચ્ચે શહેરમાં સાંજ ઢળતા જ સન્નાટો જોવા મળે છે. જયારે દિવસ દરમિયાન પણ વિશેષ અવરજવર જોવા મળતી નથી. નગરના શોપિંગ બજારોમાં પણ સુનકાર છવાયેલો રહે છે. આવા કપરા સંજોગોમાં નાગરિકો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ જ ખરીદવા માટે નિકળે છે. દવા, શાકભાજી , કરિયાણુ અને દુધ સિવાય અન્ય ચીજવસ્તુઓની ખરીદી પણ થતી નથી. શહેરના વેપારીઓ પણ કોરોનાના કહેરથી બચવા રોજ માંડ બે કલાક દુકાનો ખુલ્લી રાખે છે. જયારે નગરમાં સ્થિત સરકારી કચેરીઓમાં પણ સન્નાટો જોવા મળે છે. સરકારે માત્ર ૫૦ ટકા કર્મચારીઓ સાથે જ કામ ચલાવવાનો આદેશ આપ્યો છે. અલબત્ત કચેરીમાં પણ નિયત કર્મચારીઓ કે અધિકારીઓ સિવાય અન્ય કોઈની હાજરી જોવા મળતી નથી. ત્યારે આજે રવિવારે રજાના દિવસે શહેરમાં દિવસ દરમિયાન કરફયુ જેવો સન્નાટો જોવા મળ્યો હતો. સવારથી જ સેકટરોની શેરીઓમાં સુનકાર પ્રવર્તયો હતો. સરકારી કચેરીઓ પણ બંધ હોવાથી શહેરમાં આંશિક ચહલ પહલ પણ જોવા મળી ન હતી. નગરના માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાયેલો રહ્યો હતો. સેકટરોના શોપિંગ બજારમાં પણ સુનકાર રહ્યો હતો. વેપારીઓએ પણ દુકાનો બંધ રાખી હતી. વગર લોકડાઉને પણ સજ્જડ બંધ જેવી સ્થિતિ જોવા મળી હતી. એકબાજુ કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે સરકાર લોકડાઉન આપવાના મુડમાં નથી ત્યારે કોરોના પ્રાણઘાતક પુરવાર થતા નાગિરકોમાં પણ ભય પ્રવર્તયો છે. ડરના લીધે હવે શહેરીજનો પોતાના ઘરની બહાર નિકળતા નથી. સેકટરોના આંતરિક માર્ગો અને કોમન પ્લોટમાં પણ કોઈ વિશેષ અવરજવર રહેતી નથી. શહેરમાં લોકડાઉન જેવી જ સ્થિતિ છે. નાગરિકો હવે કોરોનાના સંક્રમણનો ભોગ બનવા માટે ઘરની બહાર નિકળવાનુ જરા પણ મુનાસિબ માનતા નથી. દવા , ઈન્જેકશન અને ઓક્સિજનના કકળાટ વચ્ચે સ્મશાનમાં અગ્નિ સંસ્કાર માટે મૃતદેહની કતાર જોવા મળે છે. જયારે કોરોના કાળમુખો બનતા શહેરીજનોમાં પણ ભયની લાગણી પ્રબળ બની છે.

॥ શ્રધ્ધાંજલિ ॥

સ્વ.રઈબાબેન મણીભાઈ પટેલ
(વાવોલ)
અમારા માતૃશ્રી/દાદી ચૈત્રસુદ ૧૧,તા.૨૩/૦૪/૨૦૨૧,શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે,પ્રભુને ગમ્યુ તે ખરૂ.

કોરોના મહામારી ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તમામ લૌકીક ક્રિયા, રાત્રી બેઠક તથા બેસણુ બંધ રાખેલ છે. પ્રભુ સદ્‌ગત આત્માને શાંતિ અર્પે તે અર્થે સ્વગૃહે મૌન પાળી પ્રાર્થના કરવા વિનંતી

લી.
ઘનશ્યામભાઈ એમ પટેલ
શૈલેષ ઘનશ્યામભાઈ પટેલ
પ્રિયાંશ સુનિલભાઈ પટેલ
રિધ્ધી ઈન્ફ્રા પ્રા.લી. ગાંધીનગર
જયંતીભાઈ એમ પટેલ
સચીન જયંતીભાઈ પટેલ
હિમાશું જયંતીભાઈ પટેલ
મહાકાળી મંડપ વાવોલ
ગિરીશભાઈ એમ પટેલ
સુહાસ ગિરીશભાઈ પટેલ
જયદીપ ગોવિંદભાઈ પટેલ
વહાણવટી કોર્પોરેશન
જીજ્ઞાસા મોટર ટ્રેનીંગ સ્કુલ ગાંધીનગર
રામજીમંદિર ખડકી,વાવોલ,ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com